**સેશન્સ કેસ નંબરઃ–૩૬/૨૦૨૫**

**આંક –૧૭**

| સેશન્સ કેસ નંબરઃ– ૩૬/૨૦૨૫ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૦૧ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | કનકસિંહ રાજેન્દસિંહ વાઘેલા | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 7600877433 |
| ઉંમર આશરે | ૩૦ | વરસની | ધંધો | પો.કો.એલ.સી.બી. પાલનપુર પો.સ્ટે. |
| રહેવાનુ | પાલનપુર તા. પાલનપુર | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી.બી.કંસારા.. |

(૧) હાલમાં હું પો.કો. તરીકે એલ.સી.બી.પાલનપુર પો.સ્ટે. મારી ફરજ બજાવુ છું. ગઈ તા.૬/૩/૨૫ના રોજ અમો તથા અ.હે.કો.મુકેશભાઈ ડાહયાભાઈ બ.ક.નં.૧૬૫૬ વાળા તથા એલ.સી.બી.સ્ટાફના માણસો સાથે ડીસા રૂરલ પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન આખોલ પાસે આવતા પો.ઈન્સ.શ્રી એ.વી.દેસાઈ સાહેબનાઓએ અમોને ટેલીફોનીક જાણ કરેલ કે તેમના ખાનગી બાતમીદાર ધ્વારા હકીકત મળેલ કે ઝેરડા તરફથી આખોલ બાજુ એક અશોક લેલન ગાડી નં.જી.જે.૦૯ એ.યુ.૮૧૧૨ની શાકભાજીની કેરેટની આડમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી આવે છે તેમજ તેની આગળ ૨૨૮૬ નંબર અમેજ ગાડી પેટ્રોલીંગ કરે છે, જે હકીકત આધારે અમો તથા સાથેના હે.કો. નજીકમાંથી બે પંચોના માણસો બોલાવેલ બાદ પંચો સાથે આખોલ થી ડીસા તરફ આવતા રસ્તા તરફ નાકાબંધીમાં હતા તે દરમિયાન ઉપરોકત હકીકતવાળી ગ્રે કલરની અમેજ ગાડી ૨૨૮૬ આવતા

સાહેદની સહી............................

તેને ઈશારો કરી સાઈડમાં કરાવેલ અને તેની પુછપરછ કરતા પોતે મહાદેવરામ મોતીરામ રબારી રહે.પાડાવી રાણીવાડા (રાજસ્થાન)વાળા હોવાનું જણાવેલ. જેની પુછપરછ કરતા હતા તે દરમિયાન હકીકતવાળો સફેદ કલરનો અશોક લેલન ૮૧૧૨ નંબરનો આવતા જેને વાહનોની આડાશ કરી રોકાવી સાઈડમાં કરી પંચો રૂબરૂ સદર ચાલકનું નામ ઠામ પુછતા પોતે પોતાનું નામ અશોકકુમાર સાવલારામ પંડયા રહે.ગરોડોના વાસ ધરનવાસ હેમાગુડા તા.ચિતલવાડા રાજસ્થાનવાળો હોવાનું જણાવેલ અને જેની સાથે રાખીને પાછળ ભરેલા ખાલી કેરેટો ચેક કરતા કેરેટોની નીચે ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવેલ. સદરે રોડ અવર-જવર વાળો હોય ત્યાં આગળની કાર્યવાહી કરવી મુશ્કેલ હોય સદર બંન્ને ગાડીઓ સાથે પો.સ્ટે. ખાતે આવી સદરે અશોક લેલન ગાડીમાંનો દારૂ ઉતારી ગણી જોતા અલગ-અલગ ચાર બ્રાંડનો કુલ બોટલ નંગ.૧૪૨૮ અને કુલ કિંમત રૂા.૨,૭૨,૮૨૦/-નો હોય તપાસ અર્થે કબજે કરેલ. તેમજ અશોક લેલન ચાલકની અંગ જડતી કરતા સદર ઈસમ પાસેથી એક મોબાઈલ તથા અમેજ ગાડીના ચાલક પાસેથી બે મોબાઈલ તેમજ બંન્ને ગાડીઓ તપાસ અર્થે કબજે કરેલ. તેમજ આગળની તપાસ કરતા બંન્ને આરોપીઓએ ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભીનમાલના આલડી ખાતેથી દારૂ ભરેલ હોવાનુ જાણવા મળેલું તેમજ સદરે દારૂ દહેગામ ખાતે શ્યામકુમાર સિન્ધીને આપવાનો હતો તેવુ જાણવા મળેલું. જે અંગેનુ તા.૬/૩/૨૫ના રોજ પંચનામુ સાથેના હે.કો. મુકેશકુમાર ડાહયાભાઈનાઓએ ૧૨:૩૦થી ૧૫:૦૦ સુધીનું કરેલું. જે અંગેની અમોએ ડીસા રૂરલ પો.સ્ટે. ખાતે પ્રોહી કલમ-૬૫(એ)(ઈ),૧૧૬(બી),૮૧,૮૩ તથા ભારતીય ન્યાય સંહીતા કલમ-૧૧૧(૩)(૪) મુજબ ફરીયાદ આપેલી.

સાહેદની સહી.............................

મને માર્ક:૧૬/૨વાળી ફરીયાદ બતાવવામાં આવે છે, જે ફરીયાદમાં નીચે મારી સહી અને હોદો છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **આંક:૧૮** આપવામાં આવે છે.

**સરતપાસ પુરી..**

**આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી. ડી.જે.તિવારી.**

(૨) એ વાત ખરી નથી કે અમોએ અમારી એલ.સી.બી. કચેરી સિવાય અન્ય કોઈ જગ્યાએ પેટ્રોલીંગમાં જવાનુ હોય તો તે અંગેની નોંધ અમારી કચેરીએ કરવાની હોય છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમારે અમારા પી.આઈ.સાહેબને જાણ કરવાની હોય છે. એ વાત ખરી છે કે કહેવાતા બનાવના દિવસે અમારે ડીસા રૂરલ હદ વિસ્તારમાં પેટ્રોલીંગ કરવાનુ છે એવો કોઈ અમારા ઉપરી અધિકારીનો લેખિતમાં આદેશ કરેલ ન હતો. એ વાત ખરી છે કે અમો ડીસા રૂરલના હદ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તેવી કોઈ લેખિત જાણ અમારા ઉપરી અધિકારીને કરેલ નથી. એ વાત ખરી છે કે અમો પેટ્રોલીંગ સરકારી વાહન મારફતે અથવા તો ખાનગીમાં વાહનમાં કરતા તે અંગેનો કોઈ ખુલાશો મારી ફરીયાદમાં કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ખાનગી વાહન લઈને પેટ્રોલીંગ કરતા હતા. ખાનગી વાહન કોની માલીકીનું હતુ તે હાલ યાદ નથી. એ વાત ખરી છે કે જો પેટ્રોલીંગ દરમિયાન ખાનગી વાહનને કોઈ આકસ્મીક નુકશાન થાય તો તે અંગેની અમારી જવાબદારી બને. એ વાત ખરી છે કે કોઈ ખાનગી વાહન અમારે અમારી પોલીસની કાર્યવાહીમાં

સાહેદની સહી..............................

ઉપયોગમાં લેવુ હોય તો અમારે એસ.પી.શ્રીની પરવાનગીથી રીકવીજીટ કરવુ પડે. એ વાત ખરી છે કે રીકવીજીટ કરેલ વાહનનો ખર્ચ એમ.ટી.કચેરી મારફતે સરકાર ભોગવતી હોય છે. એ વાત ખરી છે કે રીકવીજીટ કરેલ વાહનની લોકબુક ભરી એસ.પી.કચેરી એક અઠવાડીયામાં પહોંચતી કરવાની હોય છે. એ વાત ખરી છે કે અમો કહેવાતા બનાવના દિવસે ડીસા રૂરલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોઈએ તેવા કોઈ વાહનના ભાડુભથ્થાનો મે કલેઈમ કરેલ નથી. એ વાત ખરી નથી કે અમો કહેવાતા બનાવના દિવસે રૂરલ હદ વિસ્તારમાં ખાનગી વાહન લઈને પેટ્રોલીંગમાં ગયેલ નથી જેથી આવો કોઈ ભાડા ભથ્થાનો કલેઈમ કરેલ નથી.

(૩) એ વાત ખરી નથી કે મારી સાથેના સ્ટાફે રેડનું આયોજન કરતા પહેલા કોઈ પ્રાથમિક પંચનામુ કરેલ નથી. એ વાત ખરી નથી કે ઈ પ્રાથમિક પંચનામુ કરેલ ન હોવા છતાં હું જાણી જોઈ ખોટી હકીકત જણાવુ છું. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા એ ઘણો ભરચક વિસ્તાર છે. એ વાત ખરી છે કે પંચ બાબુભાઈ વાલાજી રાઠોડ તથા અરવિંદભાઈ જયંતિભાઈ ઠાકોરએ આખોલ ગામના સ્થાનીક વ્યકિતઓ નથી. એ વાત ખરી નથી કે આ બંન્ને વ્યકિતઓની આ સિવાય અમોએ ઘણા પંચનામામાં સહીઓ કરાવેલ છે અને આ બંન્ને વ્યકિતઓ અમારા મળતીયા માણસો છે. એ વાત ખરી નથી કે બનાવ સ્થળે પંચનામાની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે સમગ્ર કાર્યવાહી દરમિયાન અમારા પી.આઈ. સાહેબ બનાવ

સાહેદની સહી...............................

સ્થળે આવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે એલ.સી.બી. કચેરીનો સીલ પી.આઈ. સાહેબના કબજા ભોગવટાનો હોય છે. એ વાત ખરી છે કે આ કેશની કાર્યવાહી દરમિયાન અમોએ લેખિતમાં પી.આઈ. સાહેબ પાસેથી સીલની માંગણી કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે પી.આઈ. સાહેબ બનાવ સ્થળે આવીને કોઈ મુદામાલ સીલ કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે મારી હાજરીમાં કોઈ મુદામાલ રીઝર્વ સેમ્પલ તરીકે અલગ કાઢવામાં આવેલ હોય તેવુ પણ બનેલ નથી. એ વાત ખરી નથી કે હું મારી ફરજ નોંધવા ડીસા રૂરલ પો.સ્ટે. ગયેલ નથી. એ વાત ખરી છે કે ડીસા રૂરલ પો.સ્ટે. પી.આઈ. કે પી.એસ.ઓ. રૂબરૂ કોઈ લેખિત કે મૌખિક ફરીયાદ આપેલ હોય તેવુ બનેલ નથી.

(૪) એ વાત ખરી નથી કે અમોને અમારા પોલીસ અધિક્ષકશ્રી તરફથી પ્રોહીના કેશો કરવા માટે ટાર્ગેટ આપવામાં આવતા હોય છે. એ વાત ખરી નથી કે હાલની ફરીયાદ મારી સાથેના પો.કો.નોંધી લીધેલી અને મે માત્ર સહી કરેલી.એ વાત ખરી છે કે હાલની ફરીયાદ મે કોની રૂબરૂ નોંધાવેલી તેવી હકીકત મે મારી ફરીયાદમાં નોંધાવેલી છે. એ વાત ખરી નથી કે હું કહુ છુ કે તેવી કોઈ હોન્ડા અમેજ કે અશોક લેલન કોઈ વ્યકિત લઈને આવેલ હોય અને તેમાંથી ભારતીય બનાવટનો દારૂ મળી આવેલ હોય તેવુ બનેલ નથી પરંતુ અમારી કામગીરી બતાવવા માટે ખોટી હકીકત ઉભી કરી ખોટો કેશ કરેલ છે. એ વાત ખરી નથી કે મે કરેલ ફરીયાદ સમર્થન આપવા સોગંધ પર ખોટી જુબાની આપુ છું.

સાહેદની સહી.............................

**ઉલટતપાસ પુરી.**

**વિશેષ ઉલટતપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે..........................................**

સાહેદની સહી

| | |
|---|---|
| | મારી રૂબરૂ, |
| મુ. ડીસા | (કુ.એસ.એમ.કાનાબાર) |
| તા. ૧૦/૦૩/૨૦૨૬ | છઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી.............................